## જન્મદિને વધામણી



અમૃતભાઈ બી પટેલ
મો. ૯૯૭૯૯ ૩૭૧૭૧



યુસુફખાન જે પઠાણ
મો. ૯૮૯૮૦ ૯૭૮૪૩



પ્રકાશભાઈ પંડ્યા
મો. ૯૮૨૫૮ ૫૪૩૦૦



ખુશી મયુર રાઠોડ
મો. ૯૮૨૪૬ ૭૨૬૬૦



ખુશ મયુર રાઠોડ
મો. ૯૮૨૪૬ ૭૨૬૬૦



આલિયા અમીત મુલતાની
મો. ૯૯૯૮૭ ૨૭૫૯૪



જાહ્નવીબા નરેન્દ્રસિંહ મકવાણા
મો. ૯૬૩૮૯ ૮૨૭૧૯

# લાયોનેસ ક્લબ દ્વારા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ





ગાંધીનગર લાયોનેસ ક્લબ દ્વારા દત્તક લેવામાં આવેલી શાળામાં પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. બાળકોને ક્લબ દ્વારા નોટબૂક અને કંપાસ બોક્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. શાળાના મેદાનમાં આંબો, સરગવો, જાંબુ, પીપળો વગેરે વૃક્ષોનું આરોપણ પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રિન્સિપાલ જાગૃતિબેન કડિયા, લાયોનેસ પ્રમુખ મીનાક્ષી જયસિંઘાણી, સૅક્રેટરી નીતા રાણાએ જહેમત ઊઠાવી હતી. એરિયા કો-ચેર પર્સન ચંદાબેન યાદવ, ક્લબ કો-ઓર્ડિનેટર મમતાબેન રાવલ, કમિટી ચેરમેન નિતીકાબેન શાહ, આરતીબેન ભટ્ટ તેમજ ખૂબ મોટી સંખ્યામાં લાયોનેસ બહેનો અને લીયો મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.





**LDRP-ITR** કોલેજ વખતોવખત નિયમિત શિક્ષણની સાથે સાથે વિદ્યાર્થીઓ તથા ફેકલ્ટીઓના સર્વાંગી વિકાસ માટે ટેક્નિકલ કાર્યક્રમોનું પણ આયોજન કરતી હોય છે. આવા જ એક આયોજનના ભાગરૂપે કોલેજના **Computer Engineering** અને **Infromation Technology** વિભાગ દ્વારા ૧૨ જૂન થી ૨૩ જૂન સુધીના ૨ અઠવાડિયામાં **AICTE-ISTE** માન્ય રાજ્યકક્ષાના બે **Shrot Term Training Program**નું આયોજન કર્યું જેમાં ૧૨ જૂન થી ૧૭ જૂન દરમિયાન આયોજન થયેલા **Internet of Thing: Application and Research Perspective** પ્રોગ્રામમાં કુલ ૫૪ ફેકલ્ટીઓએ ભાગ લીધો જેમાં વિવિધ સંસ્થાઓ જેવી કે **L. D. College of Engineering, Vishvakarma Government Engineering College, R C Technical Institute** વગેરેનો સમાવેશ થાય છે. જયારે ૧૯ જૂન થી ૨૩ જૂન દરમ્યાન આયોજિત **Cloud Computing: Trends, Technology and Research** કાર્યક્રમમાં ૩૯ ફેકલ્ટીઓએ ભાગ લીધો. આ પ્રસંગે સંસ્થાના પ્રેસિડેન્ટ ડૉ. કનુભાઈ પટેલ તથા સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલએ ડીપાર્ટમેન્ટને શુભાશિષ આપ્યા છે. કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર પ્રો ડી. ટી. કાપડિયાએ જણાવ્યું હતું કે ખાસ કરીને કમ્પ્યુટર એન્જિનિરીંગ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી શાખામાં રોજે-રોજ નવા-નવા ડેવેલપમેન્ટ થતા રહેતા હોય છે ત્યારે ફેક્લટીએ ઈન્ડસ્ટ્રીમાં શું ચાલી રહ્યું છે તેની જાણ રાખવી જોઈએ અને સાથેસાથે પોતાની જાતને આ નવાનવા ડેવેલપમેન્ટ સાથે કદમ મિલાવીને અપડેટ પણ કરવી પડે અને આ હેતુને સિદ્ધ કરવા માટે આવા પ્રોગ્રામનું આયોજન અનિવાર્ય છે. સંસ્થાના પ્રિન્સિપાલ ડો. ગાર્ગી રાજપરાએ જણાવ્યું હતું કે સંસ્થા તેમના ફેકલટી અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે કટીબદ્ધ છે અને આવા પ્રોગ્રામ દ્વારા નિયમિત અભ્યાસક્રમ સિવાય પણ ઈન્ડસ્ટ્રીમાં જે અપડેટ આવે છે તે શીખી શકાય છે. તેમને વધુમાં જણાવ્યું હતું કે આવા પ્રોગ્રામ દ્વારા વિદ્યાર્થીઓ/પ્રોફેસરોને ઈન્ડસ્ટ્રીના નિષ્ણાતો સાથે સીધો વાર્તાલાપ કરવાનો તથા ઈન્ડસ્ટ્રીમાં શું ચાલી રહ્યું છે તે જાણવાનો અવસર મળી રહે છે. આ પ્રસંગે આ બંને પ્રોગ્રામના કોર્ડીનેટર્સ ડો હિરેન પટેલ, પ્રો આશિષ પટેલ, પ્રો બેલા શ્રીમાળી તથા પ્રો સંજય પટેલ એ જણાવ્યું હતું કે જયારે આ પ્રોગ્રામ દ્વારા તૈયાર થતા ફેકલ્ટી તેમને શીખેલા કન્સેપટ અને ટેક્નોલોજી કલાસરૂમ માં વિદ્યાર્થીઓ સાથે શેર કરશે ત્યારે આ પ્રોગ્રામ નો ઉદેશ્ય પરિપૂર્ણ ગણાશે અને કોર્ડીનેટર્સ આ બાબતે સંપૂર્ણપણે વિશ્વસ્થ છે. આ પ્રોગ્રામના ભાગ રૂપે પ્રોગ્રામના કોર્ડીનેટર્સ **GreenField Control System, Locanix, Strawberry Enterprise, Sophos, Electromech** તથા **Blazzing Arrows** જેવી ઓરગેનિઝશન્સ નો આભાર માને છે. **Computer Engineering** અને **Infromation Technology** વિભાગના વડા ડો. હિરેન પટેલ અને પ્રો. મેહુલ બારોટએ જણાવ્યું હતું કે વિભાગના વિદ્યાર્થીઓ અને ફેકલટીના સર્વાંગી વિકાસ માટે અને અદ્યતન ટેક્નોલોજી સાથે પગ થી પગ મિલાવીને ચાલવા માટે ગત સેમેસ્ટરમાં સ્નાતક અને અનુસ્તાકકક્ષાએ ૨ લેક્ચર સિરીઝનું આયોજન કરાયું હતું અને આ પ્રકારના પ્રોગ્રામનું આયોજન ભવિષ્યમાં પણ કરવામાં આવશે.

## યુજીસી દ્વારા ડિઝાસ્ટર મેનેજમેન્ટ માટે મોક ડ્રીલ યોજવા યુનિવર્સિટીઝને સૂચન

ગાંધીનગર, તા. ૩

દેશની તમામ યુનિવર્સિટીઓ સાથે જોડાયેલી આર્ટસ,કોમર્સ અને સાયન્સ સહિતની દરેક કોલેજોમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને કુદરતિ આપત્તિ વખતે કેવી રીતે કામ કરવું તેની જાણકારી મળી રહે તે માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા દરેક કોલેજોને મોકડ્રીલ યોજવાનો આદેશ કરાયો છે. યુજીસીની સૂચના બાદ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી તમામ કોલેજોને આગામી દિવસોમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટને લગતી મોક ડ્રીલ યોજવાની સૂચના આપવામાં આવી છે.

યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૨માં દરેક યુનિવર્સિટીઓને પરિપત્ર કરીને ડિઝાસ્ટર મેનેજમેન્ટને એક વિષય તરીકે સીલેબસમાં દાખલ કરીને ભણાવવાની સૂચના આપવામાં આવી હતી. જો કે મોટાભાગની યુનિવર્સિટીઓ અને કોલેજોએ યુજીસીના આ પરિપત્રને ગંભીરતાથી લીધો નહોતો. હવે ફરીવાર યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન દ્વારા દરેક યુનિવર્સિટીઓને આદેશ કરવામાં આવ્યો છે કે વિદ્યાર્થીઓને ડિઝાસ્ટર મેનેજમેન્ટની જાણકારી મળે તે માટે મોક ડ્રીલ સંલગ્ન કૉલેજીસમાં યોજવી જોઈએ.

## મેડિકલની પ્રવેશ પ્રક્રિયા સરકાર હસ્તક પણ ડિગ્રી ઈજનેરી માટે અલગ સમિતિ

ગાંધીનગર, તા. ૩

ધો.૧૨ સાયન્સ પછીના બી ગ્રૂપ માટેની પ્રવેશ પ્રક્રિયા બી.જે.મેડિકલ કોલેજમાંથી ટ્રાન્સફર કરીને ગાંધીનગર લઈ જવામાં આવી છે. આ ઉપરાંત બી.જે.મેડિકલ સ્થિત પ્રવેશ સમિતિને પણ રદ કરીને નવી પ્રવેશ સમિતિની રચના કરવામાં આવી છે. મેડિકલમાં આ પ્રકારની વ્યવસ્થા બાદ ઈજનેરીમાં પણ આ પ્રકારની વ્યવસ્થા હોવી જોઈએ તેવી માંગણી ઊઠી છે. એક જ રાજયમાં બે અલગ અલગ પ્રવેશ સમિતિ અને બન્નેના સંચાલન અને કામગીરી પણ અલગ અલગ કરવામાં આવે છે. મેડિકલ અને પેરા મેડિકલની પ્રવેશ પ્રક્રિયા ચાલુ વર્ષે સંપૂર્ણરીતે સરકાર હસ્તક કરી દેવામાં આવી છે. ખુદ આરોગ્યમંત્રી પોતે પ્રવેશ પ્રક્રિયા પર નજર રાખી શકે તે માટે સમગ્ર કાર્યવાહી ગાંધીનગર ખસેડી દેવામાં આવી છે. બીજી બાજુ ડિગ્રી ઈજનેરીની પ્રવેશ પ્રક્રિયા હજુપણ સ્વતંત્ર પ્રવેશ સમિતિ દ્વારા જ કરવામાં આવે છે. જેવી રીતે મેડિકલમાં જૂની પ્રવેશ સમિતિમાં બી.જે.મેડિકલ કોલેજના પ્રિન્સિપાલ મેમ્બર સેક્રેટરી તરીકે કાર્યરત હતા તેવી જ રીતે ઈજનેરી પ્રવેશ સમિતિમાં એલ.ડી.ઈજનેરી કોલેજના પ્રિન્સિપાલ મેમ્બર સેક્રેટરી તરીકે કાર્યરત છે.

સૂત્રો કહે છે મેડિકલ-પેરા મેડિકલની કામગીરી સરકારે પોતાના હાથમાં લીધી છે ત્યારે હવે ઈજનેરીની પ્રવેશ પ્રક્રિયા પણ હાથમાં લેવી જરૂરી છે. કારણ કે વર્ષોથી ડિગ્રી ઈજનેરી પ્રવેશ સમિતિ પણ કોઈને કોઈ કારણોસર સતત વિવાદોમાં રહેતી આવી છે.

## સ્વામી યોગાનંદ વિદ્યાલય ખાતે શાળા પંચાયતની ચૂંટણી યોજાઈ

ગાંધીનગર, તા. ૩

જીઈબી કોલોની ખાતે કાર્યરત શ્રી સ્વામી યોગાનંદ વિદ્યાલય ખાતે શાળા પંચાયતની ચૂંટણી રસાકસી-ભર્યા વાતાવરણમાં આયોજિત કરવામાં આવી હતી.

પ્રાથમિક વિભાગના જીએસ તરીકે વિજય જે સિંધા અને એલઆર તરીકે પૂનમ બી ચૌધરીને વિજેતા જાહેર કરવામાં આવ્યાં હતાં. હાઈસ્કૂલ વિભાગમાં અનુક્રમે કૌશિક કે ભટ્ટ અને પ્રિન્સી એચ રાઠોડને જીએસ તથા એલઆર જાહેર કરવામાં આવ્યાં હતાં. ધો. ૪ના વર્ગ પ્રતિનિધિ તરીકે મહાવીરસિંહ રાઠોડ અન તન્વી પ્રજાપતિ, સે.૫માં ઉજ્જવલ પ્રસાદ, નિનામા ભૂમિ, ધો. ૬માં રાજદીપ સિંધા અને ભૂમિકા માછી, ધો. ૭માં રાહુલ ઠાકોર અને છાયાકુવરબા ડાભી, ધો. ૮માં વિનય રાઠોડ અને સોફિયા પરમાર, ધો. ૯માં હર્ષ ઠાકોર અને અપૂર્વા ઠાકોર અને ધો. ૧૦ના વર્ગ પ્રતિનિધિ તરીકે યુવરાજ રાઠોડ અને મનિષા સાધુ ચૂંટાઈ આવ્યાં હતાં. સમગ્ર ચૂંટણીનું સંચાલન કુરજીભાઈ ગેવરિયા અને એ પી પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય જયંતીભાઈ વી પટેલ અનો હાઈસ્કૂલના આચાર્ય ગોવિંદભાઈ નસીતે વિજેતા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.




(૧) વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ખેલ મહાકુંભ ૨૦૧૭નો પ્રારંભ કયા સ્થળેથી કરાવ્યો હતો ?
(એ) વીર સાવરકર કોમ્પલેક્ષ
(બી) ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમ
**(સી) ટ્રાન્સ્ટેડિયા કોમ્પલેક્ષ**
(ડી) મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ

(૨) ૧ જુલાઈથી રેલવેની તત્કાળ ટિકીટ રદ કરવામાં આવતાં કેટલા ટકા નાણાં પરત કરવામાં આવશે ?
**(એ) ૫૦ ટકા** (બી) ૪૫ ટકા
(સી) ૪૦ ટકા (ડી) ૩૫ ટકા

(૩) પ્રસિદ્ધ સાહિત્યકાર શરદચંદ્ર ચટોપાધ્યાયની નવલકથા દેવદાસને વર્ષ ૨૦૧૭માં કેટલા વર્ષ પૂર્ણ થયા ?
(એ) ૯૦ વર્ષ **(બી) ૧૦૦ વર્ષ**
(સી) ૧૦૧ વર્ષ (ડી) ૧૦૨ વર્ષ

(૪) સરકારે ૭મા વેતન પંચમાં કર્મચારીઓને મળતા ૧૯૬ એલાઉન્સમાંથી ઘટાડો કરી કેટલા રાખ્યા છે ?
(એ) ૫૪ (બી) ૫૫
**(સી) ૫૬** (ડી) ૫૭

(૫) કેન્દ્ર સરકારે સ્કિલ ઈન્ડિયા અભિયાનના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે કોની પસંદગી કરી છે ?
(એ) દિપીકા પદુકોણ (બી) ઐશ્વર્યા રાય બચ્ચન
(સી) કરિના કપૂર **(ડી) પ્રિયંકા ચોપરા**

(૬) તાજેતરમાં બ્રિક્સ ગેમ્સ-૨૦૧૭નું આયોજન કયા દેશમાં કરવામાં આવ્યું હતું ?
(એ) રશિયા **(બી) ચીન**
(સી) બ્રાઝિલ (ડી) સાઉથ આફ્રિકા

(૭) તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મન કીબાતની કેટલામી આવૃત્તિને સંબોધી હતી ?
(એ) ૩૦મી (બી) ૩૧મી
(સી) ૩૨મી **(ડી) 33મી**

(૮) ૨૦૧૭ના જૂન માસમાં ભારતમાં પાસપોર્ટ એક્ટને કેટલાં વર્ષ પૂર્ણ થયાં ?
**(એ) ૫૦ વર્ષ** (બી) ૫૫ વર્ષ
(સી) ૬૦ વર્ષ (ડી) ૬૫ વર્ષ

(૯) ૩૦મી જૂન, ૨૦૧૭ના રોજ સાબરમતી આશ્રમના કેટલાં વર્ષ પૂર્ણ થયાં ?
(એ) ૯૫ વર્ષ **(બી) ૧૦૦ વર્ષ**
(સી) ૧૦૫ વર્ષ (ડી) ૧૧૦ વર્ષ

(૧૦) પાસપોર્ટ માટે જારી થયેલા નિયમ પ્રમાણે ૮થી ઓછા અને ૬૦થી વધુ ઉંમરના અરજદારને ફીમાં કેટલા ટકા રાહત આપવામાં આવી છે ?
**(એ) ૧૦ ટકા** (બી) ૧૫ ટકા
(સી) ૨૦ ટકા (ડી) ૨૫ ટકા

# કેટલીક દાદુ એપ્લિકેશન્સથી વિન્ડોઝ ઓએસનો વધુ સ્માર્ટલી ઉપયોગ થઈ શકે છે

આજના આધુનિક યુગમાં મેન, મશીન અને મિશન આ ત્રણનું ગજબનું કોમ્બિનેશન હોવુ જોઈએ. માત્ર અઢી-ત્રણ દાયકા પહેલાં કોઈપણ કાર્ય માટે જે ગાણિતિક પ્રક્રિયાઓ માટે કલાકો, દિવસો અને વર્ષો પસાર થતાં તે આજે ઘડીના છઠ્ઠા ભાગમાં સેકંડો અને મિનિટોમાં પુરું થઈ જાય છે. જેમ જેમ ટેકનોલોજીકલ આવિષ્કારો વધતાં જાય એમ કામની સરળતા અને સફળતાના ઈક્વેશનો પલટાતાં ગયા. બીલ ગેટ્સ અને પોલ એલેન નામના બે તરવરીયા યુવાનોએ ૧૯૭૫માં માઈક્રોસોફ્ટ કંપનીની સ્થાપના કરી. માઈક્રોસોફ્ટની ટીમે ત્રણ દાયકા પહેલાં ૧૯૮૮માં આઈબીએમના સહયોગથી **'NTOS/2'** નામથી ઓળખાતી ઓપરેટીંગ સીસ્ટમ-૨નો આવિષ્કાર કર્યો. ત્યારે બીલના મગજમાં દુનિયાની ઓપરેટીંગ સીસ્ટમમાં આમૂલ પરિવર્તનનો મજબૂત કોન્સેપ્ટ આકાર લઈ ચૂક્યો હતો. અત્યારે માઈક્રોસોફ્ટ કંપનીના કી પર્સન એટલે કે ચેરમેન જ્હોન થોમસન અને પ્રેસિડેન્ટપદે બ્રાડ સ્મિથ છે. માઈક્રોસોફોટના સીઈઓ હિન્દુસ્તાનના ભડવીર સત્ય નડેલા છે.

માઈક્રોસોફ્ટ કંપનીની વાર્ષિક નેટ ઈન્કમ ૧૬.૭૬ બિલિયન ડોલર છે. કંપનીની કુલ અસ્ક્યામત ૧૯૩.૬૯ બિલિયન ડોલર છે. માઈક્રોસોફોટ કંપનીમાં કુલ ૧,૧૪,૦૦૦ માણસો કામ કરી રહ્યા છે. કંપનીનું કુલ ઈકવિટી ભંડોળ ૭૧.૯૯ બિલિયન ડોલર છે. માઈક્રોસોફ્ટની સોફ્ટવેર, હાર્ડવેર, કન્ઝયુમર ઈલેક્ટ્રોનિક અને ડિઝિટલ ડીસ્ટ્રીબ્યુશનમાં દહાડ છે. માઈક્રોસોફ્ટ કંપનીની કમાણી, કામગીરી, ઉપયોગિતા, કર્મચારીઓ વિશે ઘણું લખાયું છે. પણ આજે વાત કરવી છે, માઈક્રોસોફ્ટની વિન્ડોઝ ઓપરેટીંગ સીસ્ટમને વધુ બહેતર કરતી ઉપયોગી એપ્લિકેશન અને સીસ્ટમની.

ઓકટોબર ૨૫, ૨૦૦૧માં માઈક્રોસોફ્ટે વિન્ડોઝ-**XP** ઓપરેટીંગ સીસ્ટમ દુનિયા સમક્ષ મુકી. વિન્ડોઝની **XP** હોમ એડિશન અને પ્રોફેશનલ



એડિશન બન્નેએ જબરું કાઠું કાઢ્યું અને પછી એપ્રિલ-૧૪, ૨૦૦૯માં ટેબલેટ પીસીમાં પણ એક્ષપી વર્ઝને ધુમ મચાવી. ત્યારબાદ ૨૦૦૭માં વિસ્ટા લોન્ચ થયું. જોકે કોઈ કારણસર વીસ્ટા માર્કેટમાં એટલું સ્થાન ન જમાવી શક્યું. ત્યાર પછી ૨૦૦૯માં વિન્ડોઝ-૭, અને ૨૦૧૨માં વિન્ડોઝ-૮ અને ૮.૧ માઈક્રોસોફ્ટે લોન્ચ કર્યા. અને છેલ્લે ૨૦૧૪ની ૩૦મી સપ્ટેમ્બરે માઈક્રોસોફ્ટે વિન્ડોઝ-૧૦ માર્કેટમાં મૂક્યું. ૨૦૧૫માં વિન્ડોઝ-૧૦ને વર્ઝન ૧૫-૧૧થી અપડેટ પણ કર્યું. માઈક્રોસોફ્ટના ઓપરેટિંગ સિસ્ટમ વિન્ડોઝનો આટલો ટૂંકો ઈતિહાસ સમજવો જરૂરી છે. હવે મહત્વપૂર્ણ વાત એ છે કે, પીસી, લેપટોપ, ટેબલેટ કે પછી મોબાઈલમાં વિન્ડોઝ ઓપરેટિંગ સીસ્ટમનો આજે જે ઉપયોગ થઈ રહ્યો છે, એને વધારે ઉપયોગી અને પરિણામલક્ષી બનાવવા માટે શું કરી શકાય ? એમાં કયા નવા વધારાની એપ્લિકેશન કે પ્રોગ્રામને જોડીને વધુ ઉપયોગી બનાવી શકાય.

'વર્ડ વેબ' નામની એક એવી મજેદાર ફેસેલિટી છે કે, જે કોઈપણ શબ્દના અર્થને સરસ રીતે સમજાવી શકે છે. આ શાનદાર એપ્લિકેશનમાં શબ્દનો અર્થ તો જાણવા મળે જ છે પણ સાથે સાથે એના સમાનાર્થી શબ્દો પણ આ સોફ્ટવેર એપ્લીકેશન પુરા પાડે છે. સાહિત્યકારો અને શબ્દથી જોડાયેલા મિત્રો માટે આ યુટિલિટી ખૂબ ઉપકારક પૂરવાર થાય છે. આનો ઉપયોગ કરવા માટે **hptt//www.wrodweb.info/free/** ઉપર જઈને આનંદથી શબ્દોના સાથિયા સજાવી શકાય. પણ એટલુ યાદ રાખવુ જોઈએ કે કોમ્પ્યુટર આખરે તો મશીન છે. માણસની મર્યાદાઓ હોય તો મશીનની પણ મર્યાદાઓ હોય જ. ક્યારેક અપેક્ષા મુજબના શબ્દો ન પણ સાંપડે પણ બાય એન્ડ લાર્જ મઝાની એપ્લીકેશન છે.




'સુમો' એક એવું અપડેટ મોનીટર છે કે જે પીસીમાં ઈન્સ્ટોલ કરવામાં આવેલા તમામ પ્રોગ્રામને એની નજર હેઠળ રાખે છે. જ્યારે પણ એ પ્રોગ્રામનું અપડેશન ઉપલબ્ધ હોય ત્યારે એની જાણકારી આપે છે. જ્યારે પણ પીસી ઓન કરો ત્યારે સોફ્ટ્વેર અપડેશન માટે વારંવાર જે સૂચનાઓ આવતી હોય છે અને સમય બગડે તથા મગજ પણ છટકે. આમાંથી આ સોફ્ટવેર દ્વારા મુક્તિ મળે છે. વારંવાર આવતી અપડેશનની સૂચનાઓ કામ કરતી વખતે ઈરિટેશન પેદા કરતી હોય છે. આ માટે **hptt//www.kcsoftwares.com/?sumo** ઉપરથી 'સુમો'ની વિગતો ઉપલબ્ધ થઈ શકે છે અને અપડેશન ઈન્ડીકેશનના હથોડામાંથી મુક્તિ પ્રાપ્ત થઈ શકે છે. ઘણીવાર પીસી ઉપર ઈન્સ્ટોલ કરવામાં આવેલા પ્રોગ્રામ જ્યારે અનઈન્સ્ટોલ કરવામાં આવે ત્યારે તે સંપૂર્ણ રીતે પીસીની જગ્યા ખાલી કરતાં નથી. તેનો અમુક એરિયા પીસીમાં જગ્યા રોકીને પડ્યો પાથર્યો રહેતો હોય છે. આવા સંજોગોમાં કોઈ એવી એપ્લિકેશન હોય કે જે ન જોઈતા પ્રોગ્રામને માથાના વાળથી પગના નખ સુધી ઉખાડીને દુર કરી દે. આવી મજબૂત એપ્લિકેશન સીસ્ટમ કારગત નીવડે તો કામ થાય. 'રેવો અનઈન્ટોલર 'પેલી અનચાહે બાલોકો મનચાહે તરીકે સે નીકાલો... એડવર્ટાઈઝની જેમ ' અનચાહે પ્રોગ્રામ્સ કો મનચાહે તરીકે સે નીકાલ દેગા...' રજીસ્ટ્રીમાં કરેલા બદલાવ અને બનાવાયેલા ફોલ્ડર્સને પણ રેવો અનઈન્ટોલર ઘડીના છઠ્ઠા ભાગમાં સંપૂર્ણ રીતે ઉડાડી દે છે. **hptt//www.revouninstoller.com/revo_uninstoller_free_download.html** ઉપર જઈને આ એપ્લિકેશનનો બિન્દાસ ઉપયોગ કરી શકાય.

'વિસ્ટા સ્વીચર' ની મદદથી ઓલ્ટર+ટેબનો વિકલ્પ વધુ મજેદાર અને સરળતાથી થઈ શકે છે. 'વિસ્ટા સ્વીચર'ના મલ્ટીટાસ્કીંગ પેન ખોલેલા તમામ પ્રોગ્રામ્સ અને ફોલ્ડર્સનું સ્માર્ટ લીસ્ટ બનાવી દે છે. જેને પરિણામે એક સાથે જેટલાં પણ કામ ચાલતા હોય એ તમામની કામગીરી ખૂબ આસાન બની જાય છે. **hptt//www.ntwind.com/software/vistawitcher.html** ઉપરથી 'વિસ્ટા સ્વીચર ' એપ ડાઉન લોડ કરી સમયનો સ્માર્ટ ઉપયોગ થઈ શકે છે.

પીસી પર—ડેસ્કસ્ટોપ પર અવ્યવસ્થિત ફાઈલ અને ફોલ્ડરોના આઈકોન્સને ' ફેન્સ ' એપ્લિકેશનથી સુવ્યવસ્થિત રીતે રાખીને સ્પેસનો બચાવ કરી શકાય. ' ફેન્સ ' આઈકોન્સમાં ગ્રુપ બનાવીને વધારે વરચ્યુઅલ સ્ક્રીન સ્પેસ આપવા માટે ઉપયોગી બની શકે છે. ' ફેન્સ 'ની મદદ લેવા માટે **hptt//www.stardock.com/ product/fences/** ઉપર જવાનુ રહે.

'ઈરફાનવ્યૂ 'એપ્લિકેશન પીસીના ફોટોઝને ખૂબ સરસ રીતે મેનેજ કરે છે. ફોટોના સ્લાઈડ શો, તસવીરોનું ક્રોપીંગ, રીસાઈઝીંગ વગેરે 'ઈરફાનવ્યૂ 'એપ્લિકેશન સાથે સરળતાથી અને ઝડપથી થઈ શકે છે. પરિણામે સ્ટોરીઝ સાથે એને અનુરૂપ તસવીરોની સાઈઝ અને વ્યૂ અનુકૂળતા મુજબ ગોઠવી શકાય છે. **hptt//www.irfanview.com/main_download_engl.htm** ઉપર જઈને ઈનફાનવ્યૂ દ્વારા મજેદાર તસવીરોનો રોમાંચ મેળવી શકાય.

એક સાથે અનેક વિષયો ઉપર જ્યારે કામ કરવાનું હોય ત્યારે જુદી જુદી ફાઈલો ખોલવાની આવશ્યકતા રહે છે. આ માટે ' ફાઈલ ઓપનર ' એપ્લિકેશન ઉપયોગી થઈ પડે. આ સોફ્ટવેર ૮૦થી વધારે પ્રચલિત ફાઈલ ટાઈપ્સને સપોર્ટ કરે છે. ' ફાઈલ ઓપનર 'ની મદદથી ઓફિસ ફાઈલ, ઈમેજ ફાઈલ, વિડીયો ફાઈલ, પીડીએફ ફાઈલ, કોડ ફાઈલ, વેબ પેજીસ વગેરે આસાનીથી ખોલી શકાય છે. ફાઈલ ઓપનર માટે **hptt//www.free_opener.en.softonic.com/** ઉપરથી વિગતો મેળવી શકાય.

'એવરીથીંગ 'નામની સુપરચાર્જ સર્ચ યુટિલીટી પીસીના બેકગ્રાઉન્ડમાં ચાલતી હાર્ડડ્રાઈવ પર ઉપલબ્ધ તમામ ફાઈલનું ઈન્ડેક્ષિંગ તૈયાર કરે છે. માત્ર ફાઈલનું નામ ટાઈપ કરીએ એટલે ફટાફટ એના રીઝલ્ટ આ એપ્લિકેશન આપવા માંડે છે. આ એપ્લિકેશનના કારણે સર્ચિંગ પ્રોસેસ ખૂબ આસાન થઈ જતી હોય છે. આનો ઉપયોગ કરવા માટે **hptt//www.voidtools.com/download.htm** ઉપરથી ડાઉનલોડ કરી શકાય. ડાઉનલોડ કેપેસીટી જેટલી ઝડપી એટલો કામનો આનંદ વધુ. ' ઈગલ ગેટ 'એક એવી એપ્લિકેશન છે કે જે ડાઉનલોડ મેનેજર તરીકે અદભુત ભૂમિકા ભજવે છે. ઈગલ ગેટ ડાઉનલોડ કરાતી તમામ ફાઈલ્સની સ્પીડ વધારી શકે છે. સામાન્ય રીતે 'ઈગલગેડ 'બ્રાઉઝર્સની સાથે ઈન્ટિગ્રેટ થઈ જતું હોય છે. પરિણામે ઓનલાઈન ટ્રીમીંગ વિડિયોઝ ડાઉનલોડ થઈ શકે છે. ઈગલગેટનો ઉપયોગ કરવા માટે **hptt//www. eagleget.com/download/** ઉપર જવાનું રહે.

આખો દિવસ સતત કોમ્પ્યુટર પર બેસીને જે મિત્રો કામ કરતાં હોય છે તેમની આંખોનું તેમણે ધ્યાન રાખવું જોઈએ. 'ફ્લક્સ 'એક એવી એપ્લિકેશન છે કે જે થોડા થોડા સમયને અંતરે આંખોની અનુકૂળતા મુજબ સ્ક્રીનનો કલર બદલવાનું કામ કરે છે. જેને પરિણામે આંખો પર થતી નકારાત્મક અસર અટકે છે. ' ફ્લક્સ 'ની મદદ લેવા માટે વેબ એડ્રેસ છે, **hptt//www.justgetflux.com/**

**ધબકાર**

ટેકનોલોજી અને વિજ્ઞાન પ્રકૃતિમાં જ વ્યાપ્ત છે, એ કોઈ બહારથી આવેલો પદાર્થ નથી, એટલે જ એ પૃથ્વીને વધુ બહેતર બનાવી શકવાની ક્ષમતા ધરાવે છે.